eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 289
September 23, 2011

## છત્તીસગઢ સ્ટેટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (સુડા) ની ૧૬ સભ્યોની ટીમ તા. ૧૫/૦૯/૨૦૧૧ નાં રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



છત્તીસગઢ સ્ટેટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (સુડા) ની ૧૬ સભ્યોની ટીમ તા. ૧૫/૦૯/૨૦૧૧ નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી હતી. સુરત મહાનગરપાલિકાના જુના સ્થાયી સમિતિ ખંડમાં મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈની અધ્યક્ષતામાં એક મીટીંગ/પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ટીબી માટે વિશ્વની શ્રેષ્ઠ એવી 'ડોટસ' સેવાઓનો સુરત મહાનગરપાલિકામાં વધેલો વ્યાપ

ક્ષય નિયંત્રણ અર્થે વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત 'ડોટસ' અંતર્ગત નિદાન તથા સારવાર સેવાઓનો લાભ વધુને વધુ દર્દીઓ સુધી પહોંચી રહયો છે. સુરત મહાનગરપાલિકાનાં તમામ હેલ્થ સેન્ટરો તથા સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે 'ડોટસ' અંતર્ગત ટીબીનાં નિદાન તથા સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૯મી નાટ્ય સ્પર્ધાનાં વિનર શો નું આયોજન

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતની નાટ્ય સંસ્થાઓ અને કલાપ્રેમી નગરજનોની લોકલાગણીને માન આપી તા. ૦૪/૦૯/૨૦૧૧ થી તા. ૧૩/૦૯/૨૦૧૧ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલ ૩૯મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો તા. ૧૫/૦૯/૨૦૧૧ થી તા. ૧૮/૦૯/૨૦૧૧ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ



ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૧૭/૦૯/૨૦૧૧ ના રોજ કોસાડ ન. પ્રા. શાળા, ઈ. ડબલ્યુ. એસ. કવાર્ટસ,સુરત ખાતેથી આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આર.ટી.આઈ.ના કાયદાથી બહાર ગ્રાહક સુરક્ષામાં વળતરનો દાવો થઈ શકતો નથી

સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન, કતારગામ ઝોન અને સાઉથ ઝોનમાં દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા સમિતિ તરફથી આર. ટી. આઈ. એકટ અન્વયે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. સદર માહિતી આપ્યા બાદ માહિતી સંતોષ ન થતાં અને સમયમર્યાદામાં માહિતી ન આપવા બદલ સંસ્થાને ભરેલ રૂા. ૨૦/–ની ફીને કારણે તેઓ ગ્રાહક બનતાં હોય સેવામાં ખામીના કારણોસર મે. જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (વધારાનાં) સુરતમાં કેસ નં. ૨૨/૨૦૧૦ દાખલ કરવામાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## છત્તીસગઢ સ્ટેટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (સુડા) ની ૧૬ સભ્યોની ટીમ તા. ૧૫/૦૯/૨૦૧૧ નાં રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



છત્તીસગઢ સ્ટેટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (સુડા) ની ૧૬ સભ્યોની ટીમ તા. ૧૫/૦૯/૨૦૧૧ નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી હતી. સુરત મહાનગરપાલિકાના જુના સ્થાયી સમિતિ ખંડમાં મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈની અધ્યક્ષતામાં એક મીટીંગ/પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મા. મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ આવનાર ટીમના અધ્યક્ષ શ્રી રમેશભાઈ પૈગવારનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું. તથા સુરત શહેરની ઐતિહાસિક માહિતી આપી હતી. તેમજ સુરતના આર્થિક વિકાસની માહિતી તથા અધિકારી/કર્મચારીઓના સુમેળભર્યા સહયોગથી શહેરનો થઈ રહેલા અવિરત વિકાસની ઝલક આપી હતી. તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને રસ્તા,પાણી,ડ્રેનેજ જેવી માળખાકીય સુવિધાઓની માહિતીથી માહિતગાર કર્યા.

એક સમયે આશેર ૨૫ ચો.કીમીનો વિસ્તાર ધરાવતું શહેર આજે ૩૨૬.૫૧૫ ચો.કીમીમાં વિસ્તરી ચુકયું છે. તેમજ ૪૪ લાખ વસ્તી ધરાવતું શહેર છે જે ડાયમંડ સીટી,ટેક્ષ્ટાઈલ સીટી તરીકે આ શહેર ઓળખ ધરાવે છે. શહેરની ચોતરફ વિકસી રહેલા મોટા ઓદ્યોગિકગૃહોથી શહેર ખુબ જ વિકાસની હરણફાળ ભરી રહેલ છે. જેનો વિકાસ દર ૬૨% જેટલો ધરાવે છે.

સુરત મહાનગરપાાલિકાના અધિકારીઓ ધ્વારા માહિતી આપતા જણાવ્યું હતું કે ડ્રેનેજ તથા સોલીડ વેસ્ટમાં ડોર ટુ ડોર કલેકશન કરી ડીસ્પોઝેબલ સાઈટ પર કચરાનો રીસાઈકલીંગ કરી તેમાંથી ઓર્ગેનિક ખાતર, ગ્રીન ફયુઅલ,વધેલા કચરાનો નિકાલ કરવામાં આવે છે. શહેરમાં અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન છે તેમજ ઉદ્યોગોના ગંદા પાણી માટે કોમન એન્ફલુયન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાનગી ઉદ્યોગગૃહના સહકારથી શરૂ કરવામાં આવેલ છે. તથા સુરત મહાનગરપાલિકાને અર્બન ગવર્નન્સ એન્વાયરોમેન્ટ અને પબ્લિક હેલ્થ મેનેજમેન્ટની શ્રેષ્ઠ કામગીરી માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનો "દુબઈ ઈન્ટરનેશનલ એવોર્ડ" પણ મેળવેલ છે. વધુમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ વિયર કમ–કોઝવે, શહેરમાં આવેલ વિવિધ આઈલેન્ડો વગેરે આવરી લેવામાં આવેલ છે. તેમજ આરોગ્યક્ષેત્રે હેલ્થ સેન્ટરો, મેડીકલ હોસ્પિટલ તથા શહેરીજનોની સુવિધા માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, બ્રીજ, ઈન્ડોર સ્ટેડિયમ, સાયન્સ સેન્ટર, કોમ્યુનીટી હોલની માળખાગત વિગતો આપી હતી. તથા રોડ ટ્રાન્સપોર્ટેશનમા BRTS પ્રોજેકટની કામગીરી ચાલુ છે. ત્યારબાદ શહેરીજનોને વાહનવ્યવહારની વધુ સુવિધા ઉપલબ્ધ કરી શકાશે. JnNURM યોજના હેઠળ શહેરી ગરીબો માટે ૪૬૩૧૨ EWS આવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાંથી ૩૦૭૦૮ આવાસો તૈયાર થઈ ચુકયા છે. અને અન્ય ડિસેમ્બર–૨૦૧૨ સુધીમાં પુર્ણ કરવામાં આવશે. જેમાં માર્કેટ, આંગણવાડી,કોમ્યુનીટી હોલ,ફાયર સ્ટેશન,ડીસ્પેન્સરીની સુવિધા આપી છે. મુલાકાતીઓને આવકના સ્ત્રોતોનો ચિતાર આપ્યો હતો તેમજ ટેક્ષ કલેકશન તેમજ યુઝર ચાર્જ સહિત આવકના સ્ત્રોતો તેમજ કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકાર ધ્વારા મળતા અનુદાનની માહિતી આપેલ હતી. ત્યારબાદ ટીમે સુરતમહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોની મુલાકાત લીધી હતી.

શહેરની માળખાગત સુવિધાઓ તથા સીએનજી વપરાશના કારણે પ્રદુષણમુકિત તેમજ માર્ગોની સાફ સફાઈ જોઈ ટીમના સભ્યોશ્રીઓ ખુબ જ પ્રભાવિત થયા હતા.

આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, મા. ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, મા. શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ તથા અધિકારીગણ ઉપસ્થિત રહયા હતા.

ત્યારબાદમાં ટીમના અધ્યક્ષશ્રીએ સુરત શહેરની મુલાકાત સફળ રહી હોવાનું જણાવી મા. મેયરશ્રી, મા. ડે. મેયરશ્રી તથા મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી, મા. શાસકપક્ષના નેતાશ્રી તેમજ પાલિકાના અધિકારીગણનો આભાર માન્યો હતો.

TOP

## ટીબી માટે વિશ્વની શ્રેષ્ઠ એવી 'ડોટસ' સેવાઓનો સુરત મહાનગરપાલિકામાં વધેલો વ્યાપ

ક્ષય નિયંત્રણ અર્થે વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત 'ડોટસ' અંતર્ગત નિદાન તથા સારવાર સેવાઓનો લાભ વધુને વધુ દર્દીઓ સુધી પહોંચી રહયો છે. સુરત મહાનગરપાલિકાનાં તમામ હેલ્થ સેન્ટરો તથા સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે 'ડોટસ' અંતર્ગત ટીબીનાં નિદાન તથા સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. સમગ્ર વિશ્વમાં ટીબી નિયંત્રણ ક્ષેત્રે કુલ ૧૮૩ દેશો 'ડોટસ' હેઠળ સારવાર પધ્ધતિ અપનાવી રહયા છે. સુરત મહાનગરપાલિકા પણ તેમાં બાકાત નથી તથા ક્ષય(ટીબી)ની આ એક સચોટ–અકસીર પધ્ધતિ હોવાથી તેનો વ્યાપ ઝડપથી તમામ દર્દીઓ લઈ રહયા છે.

સને ૨૦૧૦ માં સુરત મહાનગરપાલિકા વિસ્તાર અંદાજિત ૭૦૦૦ ટીબીનાં કેસોમાંથી ૫૫૦૩ કેસોને 'ડોટસ' હેઠળ આવરી લેવામાં સફળતા મળી છે. કોઈપણ પ્રકારનાં ટીબીનાં દર્દીઓ, બાળકો–સ્ત્રીઓ–પુરુષો તમામ આ સારવાર હવે લેતા થયા છે. જે ડોટસની સફળતાની નિશાની છે.

સુરત શહેરનાં ૧૧૫૧ પ્રાઈવેટ પ્રેકટીશનરો પણ આ ટીબીની ડોટસ સારવાર તેમનાં દર્દીઓને ભલામણ કરે છે તથા આમાનાં ઘણા તબીબો ખુદ તેમનાં દર્દીઓને ડોટસ આપે છે.

નોન–ડોટસ પ્રકારની ટીબીની સારવારમાં હંમેશા દર્દી લાંબી સારવારથી કંટાળી જતો હોઈ સફળતા દર ૬૦% થી પણ નીચો રહે છે. જયારે 'ડોટસ' હેઠળ સફળતા દર હંમેશા ૮૫% થી વધુ રહે છે. સુરત મહાનગરપાલિકાનો સફળતા દર ૮૭% જેટલો જણાયેલ છે.

બે અઠવાઠીયાથી વધુ સમયની ખાંસી ટીબી હોઈ શકે છે તથા તેમનાં ગળફાની વિનામૂલ્યે તપાસ તાકીદે કરાવી લેવા નજીકનાં હેલ્થ સેન્ટર જવું જોઈએ અને ટીબી જણાય તો ફકત ડોટસ સારવાર લેવાનો જ આગ્રહ રાખવો જોઈએ.

તમામ પ્રબુધ્ધ નાગરીકો, સામાજિક સંગઠનો તથા ખાનગી તબીબોને આ પ્રસંગે અપીલ કરવામાં આવે છે કે જો ટીબી હોય તો માત્ર અને માત્ર 'ડોટસ' સારવાર જ લેવામાં આવે તો અને તો જ આપણે ભારતભરમાં દર વર્ષે ૩ લાખ લોકોની જાન બચાવી શકીશું.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા ૩૯મી નાટ્ય સ્પર્ધાનાં વિનર શો નું આયોજન





સુરત મહાનગરપાલિકા દ્વારા સુરતની નાટ્ય સંસ્થાઓ અને કલાપ્રેમી નગરજનોની લોકલાગણીને માન આપી તા. ૦૪/૦૯/૨૦૧૧ થી તા. ૧૩/૦૯/૨૦૧૧ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલ ૩૯મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો તા. ૧૫/૦૯/૨૦૧૧ થી તા. ૧૮/૦૯/૨૦૧૧ દરમ્યાન ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટ્ય સ્પર્ધાના વિનર શોમાં તા. ૧૫/૦૯/૨૦૧૧ ના રોજ ચતુર્થ ક્રમે વિજેતા "ફંદી", તા. ૧૬/૦૯/૨૦૧૧ ના દ્વિતીય વિજેતા "એન્કાઉન્ટર", તા. ૧૭/૦૯/૨૦૧૧ ના રોજ તૃતીય વિજેતા ""અમે બરફના પંખી" અને તા. ૧૮/૦૯/૨૦૧૧ ના રોજ પ્રથમ વિજેતા નાટક "મેકબેથ" ગાંધીસ્મૃતિ ભવનના તખ્તે રજુ થયાં હતાં. જેને શહેરની કલારસિક જનતાએ મોટી સંખ્યામાં હાજર રહી તમામ નાટકોને મન ભરીને માણ્યાં હતાં.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૧૭/૦૯/૨૦૧૧ ના રોજ કોસાડ ન. પ્રા. શાળા, ઈ. ડબલ્યુ. એસ. કવાર્ટસ,સુરત ખાતેથી આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણા, મ્યુનિ. સદસ્યશ્રી વિજયભાઈ પટેલ, મ્યુનિ. સદસ્યાશ્રી ઉવર્શીબેન રામીમાળી, આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત એસ. દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો. એસ. એસ. દાસ, નાયબ આરોગ્ય અધિકારી વિભાગ ડો. કે. આઈ. ખત્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કોસાડ/કતારગામ/વેડ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યું હતું તથા પ્રાસંગીક પ્રવચનમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર/પ્રદર્શન કેમ્પનો નાગરીકો બહોળા પ્રમાણમાં લાભ લે તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેને અટકાવવાના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ કરે તો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાશે તેમ જણાવ્યું હતું. આરોગ્ય વિભાગના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય/પાણી સંલગ્ન રોગ, લેપ્ટોસ્પાઈરોસીસ તથા અન્ય રોગ વિષેની જાણકારી આપવામાં આવે છે. જેથી સ્થાનિક રહીશોને જાણકારી મેળવવા સૂચન કર્યું હતું.

આરોગ્ય સમિતિ અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે તેમ જણાવી આરોગ્ય વિભાગની કામગીરીને બિરદાવી હતી. હાલમાં દવા તથા આરોગ્ય નિદાન/સારવાર મોંઘી હોય ગરીબ/મધ્યમ વર્ગના લોકોને ઘર આંગણે સુવિધા પ્રાપ્ત થતી હોય તેનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા જણાવ્યું હતું. ગુજરાતમાં સૌ પ્રથમ આ પ્રકારના મેડીકલ કેમ્પો સુરતમાં થઈ રહયા છે જે બતાવે છે કે સુરત મહાનગરપાલિકાને આપણા આરોગ્યની ચિંતા છે. ઘરવપરાશનો કચરો ગમે ત્યાં ન નાંખતા ડોર ટુ ડોર કચરાગાડીમાં અથવા નજીકમાં આવેલ કચરાપેટીમાં નાખવા નાગરીકોને અપીલ કરી હતી. અને આરોગ્ય ખાતાની કામગીરીની પ્રશંસા કરી બિરદાવી હતી.

Continue …

મા. ડે. મેયરશ્રીમતિ છાયાબેન ભુવાએ જણાવ્યું હતું કે, આરોગ્યલક્ષી પ્રદર્શનનો જાહેર જનતાને લાભ અનુરોધ કર્યો હતો તથા પ્રદર્શનમાં બતાવ્યા મુજબ આપણા ઘરની આસપાસ પાણીનો ભરાવો ન થાય અને મચ્છરની ઉત્તપત્તિ ન થાય તેની ખાસ કાળજી રાખવા જણાવેલ. ખાસ કરીને ચોમાસા દરમ્યાન બહારનો ખુલ્લો ખોરાક ન ખાવા અને બાળકોનું નિયમિત રસીકરણ કરવા જણાવેલ. આ વિસ્તારના રહીશોને મહાનગરપાલિકા તરફથી તો સારી સુવિધા આપવામાં આવી જ છે સાથે વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા, ગમે ત્યાં કચરો ન નાખવા જણાવ્યું હતું. તેમજ બાળકોને યોગ્ય શિક્ષણ આપવા મા–બાપને અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કોસાડ હેલ્થ સેન્ટરની આસપાસના વિસ્તારના કુલ ૪૦૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૦૮, ચામડીના નિષ્ણાત દ્વારા ૬૩, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૪, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૩, ફિઝીશ્યન દ્વારા ૧૨૬, સર્જન દ્વારા ૪૪, મેડીકલ પ્રેકટીશનર દ્વારા ૩૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૬૭ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ. ૨૧ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૪૨ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૧૬૮૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૬૫, ઓરલ પીલ્સ ૨૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૭૨૦ ટેબલેટ વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૧ બાળકને બી.સી.જી.,૧૭ બાળકોને ડીપીટી, ૧૭ બાળકોને પોલીયો, ૮ બાળકોને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૩૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ–**

આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા. ૨૪/૦૯/૧૧ ના રોજ સુલતાનાબાદ, લંગર પાસે, ડુમસ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## આર.ટી.આઈ.ના કાયદાથી બહાર ગ્રાહક સુરક્ષામાં વળતરનો દાવો થઈ શકતો નથી

સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન, કતારગામ ઝોન અને સાઉથ ઝોનમાં દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા સમિતિ તરફથી આર. ટી. આઈ. એક્ટ અન્વયે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. સદર માહિતી આપ્યા બાદ માહિતી સંતોષ ન થતાં અને સમયમર્યાદામાં માહિતી ન આપવા બદલ સંસ્થાને ભરેલ રૂા. ૨૦/—ની ફીને કારણે તેઓ ગ્રાહક બનતાં હોય સેવામાં ખામીના કારણોસર મે. જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (વધારાનાં) સુરતમાં કેસ નં. ૨૨/૨૦૧૦ દાખલ કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીનાં "This case needs to be rigorously defened" અન્વયે સુરત મહાનગરપાલિકા અને પૂર્વઝોનનાં આર.ટી.આઈ.સેલ અને કાયદા વિભાગે એડ. શ્રી યુ.સી.દવે ધ્વારા ગ્રાહક સુરક્ષા ફોરમમાં સબબ રજુઆત કરતા ગ્રાહક સુરક્ષા ફોરમનાં પ્રમુખશ્રી ડી.સી.શાહ અને સભ્યશ્રી પદમનાભ એચ.શાહે તા. ૧૧/૦૭/૧૧ નાં રોજ "ફરીયાદીની ફરિયાદ રદ કરી, ફરીયાદ હેઠળ માંગેલ દાદ કે તે પૈકી કોઈ પણ દાદ સામાવાળાઓથી મેળવવા હકદાર થતા નથી." તે મુજબનો ચુકાદો આપ્યો છે. અર્થાત આર. ટી. આઈ. એક્ટ અન્વયેનાં કાયદાની જોગવાઈ અન્વયેના નારાજ પક્ષકારે એપેલેટ અને સ્ટેટ કમિશન રૂબરૂમાં જ ફરિયાદ/અપીલ દાખલ કરી શકે અન્ય કાયદા કે ગ્રાહક સુરક્ષા કાયદા અનુસાર વળતર મેળવી શકતા નથી.

TOP